માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ અંગે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ માગણી ક્રમાંક ૬૫ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે, તેને હું મારુ સમર્થન આપું છું.

મધ્યપ્રદેશના અમરકંટકમાંથી નિકળતી મા રેવા યાને મા નર્મદા દેશના પશ્ચિમ વિસ્તારમાં વહેનાર સૌથી લાંબી અને મધ્યપ્રદેશ તથા ગુજરાતની સૌથી મોટી, સૌથી વિપુલ પાણીનો જથ્થો ધરાવતી સમૃધ્ધ બારમાસી નદી નમામી દેવી નર્મદા અને તેના ઉપર બંધાયેલ સરદાર સરોવર નર્મદા યોજના- રાજયના માનવ, પશુધન અને ધ્વારકાધિશની ભૂમિ ગુજરાતની તરસ છીપાવતી અને રાજયને સમૃધ્ધિ અપાવનાર અતિ મહત્વની વિકાસશીલ આંતરરાજય બહુહેતુક યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પહેલાં રાષ્ટ્રના લોખંડી પુરુષ સરદાર સાહેબે, નર્મદા યોજનાની રૂપરેખાનો વિચાર સને ૧૯૪૬ માં રજૂ કર્યો હતો. તા. ૫-એપ્રિલ, ૧૯૬૧ ના રોજ આ યોજનાનું ખાતમૂર્હુત થયું હતું. માનનીય અધ્યક્ષશ્રી તે વખતની કેન્દ્રીય સરકારની નેતાગીરીની ગુજરાત પ્રત્યેની ભેદભાવવાળી નીતિના કારણે નર્મદા યોજનાના અમલીકરણમાં અનેક દસકાનો વધારે સમય વ્યતિત થયો છે. ચાર રાજયો વચ્ચે પાણીની વહેંચણી અને નર્મદા બંધની ઉંચાઇ નકકી કરવા માટે રચાયેલા નર્મદા જળ વિવાદ પંચે, માનનીય વડાપ્રધાન સ્વર્ગસ્થશ્રી મોરારજીભાઇ દેસાઇની સરકારમાં સને ૧૯૭૯ માં ચુકાદો આપતાં, નર્મદા યોજનાનું કામ શરુ થઇ શકયું હતું. ત્યારબાદ ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા નર્મદા વિરોધીઓને કારણે બંધની ઉંચાઇ વધારવાની મંજુરીઓ ટુકડે-ટુકડે મળતી ગઇ અને તેમાં પણ વર્ષો વિતી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રના ઈતિહાસની એ અભૂતપુર્વ ઘટના છે કે, દેશની બહુહેતુક યોજના માટે કોઇ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકાર સામે ઉપવાસ આંદોલન કરવું પડયું હોય. રાજ્યની પ્રજાની જીવાદોરી સમાન સરદાર સરોવરની બહુહેતુક યોજનાના અમલીકરણ અને મંજુરીઓ માટે વર્ષ ૨૦૦૬ માં તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સરદાર બંધની ઉંચાઇ વધારવા કેન્દ્ર સામે ઉપવાસ આંદોલન કર્યુ હતું અને તેમાં ગુજરાતની પ્રજાની લાગણીનો વિજય થયો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષના બજેટમાં જળસંપત્તિ પ્રભાગ માટે રૂ. ૧૧,૫૩૫ કરોડ, સરદાર સરોવર માટે રૂ. ૪૭૯૮ કરોડ, પાણી પુરવઠા માટે રૂ. ૬૨૪૨ કરોડ અને સૂક્ષ્મ સિંચાઇ માટે ૨૫૦૦ કરોડની જોગવાઇ કરવા બદલ આ સરકારને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી નર્મદા બંધની ઉંચાઇનું કામ ૧૨૧.૯૦ મિટર પૂર્ણ થયેલ હતું અને સને ૨૦૧૪ માં દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ અને નિર્ણયશક્તિ તથા અસાધારણ કુનેહ અને દિર્ઘદ્રષ્ટિ ધરાવતા માનનીય શ્રી નરેન્દ્રભાઇ દિલ્હીના તખ્ત ઉપર બિરાજતાંની સાથે જ ફક્ત ૧૭ દિવસમાં જ, ૧૨ જુન, ૨૦૧૪ના રોજ બંધની ઉંચાઇ વધારીને ૧૩૮.૬૮ મીટર સુધી લઈ જવા મંજુરી આપી હતી. આ કામગીરી ગુજરાત સરકારે ૯ માસ પહેલાં પૂર્ણ કરી હતી. ત્યારબાદ નર્મદા કંટ્રોલ ઓથોરીટી ધ્વારા નર્મદા ડેમના દરવાજા માટેની મંજુરી આપતાં, આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, જે રાજયની ભારતીય જનતા પાર્ટીની કામ કરતી સરકારની પ્રતિતિ કરાવે છે.

આમ બંધમાં, પાણીની સંગ્રહ ક્ષમતા ૪.૭૪ મિલિયન એકર ફુટ થઈ છે. એટલે જળસંગ્રહ ક્ષમતામાં ૩.૭૫ ગણો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. છે, જેમાંથી બનાસકાંઠા જીલ્લાના સલીમગઢ ગામેથી કચ્છ માટે નહેર શાખા નીકળે છે, તે નર્મદા યોજનાની કૂલ ૩૮ શાખાઓમાં સૌથી લાંબી નહેર છે.

આ બહુહેતુક યોજના પૂર્ણ થતાં, રાજ્યના ૧૦ હજાર ગામો અને શહેરોને ઘર વપરાશ માટે પાણી પુરુ પાડવામાં આવે છે. સરદાર સરોવર ડેમ અને કેનાલ પર ૧૪૫૦ મેગાવોટની કુલ સ્થાપિત ક્ષમતાવાળા બે જળવિધ્યુત મથકો કાર્યરત છે. માનનીય અધ્યક્ષશ્રી, જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં કૂલ-૫૯૫૫ કરોડ યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે અને તેનો બજાર ભાવ પ્રતિ યુનિટે રૂ. ૪ લેખે ગણતાં અંદાજે રૂ. ૨૩,૮૨૦/ કરોડની આવક પણ થયેલ ગણાય.

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી અને આ સભાગૃહના સન્માનનીય સભ્યો એ વાતથી સુવિદિત છે કે, ઉત્તર ગુજરાતમાં ભુગર્ભ જળ દર વર્ષે ૩ થી ૪ મીટર જેટલા નીચા જતા હતા. આ સ્થિતિ ચાલુ રહે તો, ભવિષ્યમાં આ વિસ્તારની ૨ કરોડથી વધુ જનતાને પાણી વિના હિજરત કરવી પડશે, તેવી આગોતરી દિર્ધદ્રષ્ટિ ધરાવતા માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભવિષ્યમાં ઉભી થનાર સમસ્યાના ઉકેલ માટે સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલ યુધ્ધના ધોરણે અમલમાં મૂકી કામગીરી પૂર્ણ કરેલ છે અને તેમાં મા નર્મદાના નીર વહેવડાવવા બદલ આ રાજયની પ્રજા આદરણીયશ્રી નરેન્દ્રભાઇનો ઉપકાર કયારે પણ ભૂલી શકે તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪ પાઇપ લાઇનો ધ્વારા ચોમાસાના પૂરનું વધારાનુ વહી જતુ પાણી ઉત્તર ગુજરાત સહિત રાજયના અન્ય વિસ્તારોમાં પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. ૮૮૪.૦૨ કિ.મી. લંબાઇની ૧૨ પાઇપ લાઇનો તેમજ ૩૨ પમ્પીંગ સ્ટેશનોના કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જેના પરિણામે ઉત્તર ગુજરાતના ૪૪૦ ગામડાના ૭૪૨ તળાવો થકી ૯૨,૨૦૦ હેકટર વિસ્તારને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સિંચાઇનો લાભ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારત દેશના ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમારા માણસાના સુપુત્ર અમિતભાઇ શાહ સાહેબ, માન. મુખ્યમંત્રીશ્રી – ભૂપેંદ્રભાઇ પટેલ સાહેબ અને સિંચાઇ મંત્રીશ્રી કુવરજીભાઇ બાવળીયા સાહેબનો માણસા વિસ્તારની સૌ જનતા ખૂબ ખૂબ આભાર માને છે.